# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના
# ‘ગાર્ગી’- મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર
# બ્રેસ્ટ એન્ડ સર્વાઇકલ કેન્સર ચેકઅપ કાર્યક્રમ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના “ગાર્ગી” મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્ર અને રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલિટન, અમદાવાદના સંયુક્ત ઉપક્રમે મહિલાઓના વિકાસ અને તેમના સ્વાસ્થ્ય પ્રત્યે સતત સંવેદનશીલ કુલગુરુ માનનીય પ્રો. (ડૉ.) અમી ઉપાધ્યાયજીની પ્રેરણા અને માર્ગદર્શન હેઠળ તા.14/10/2025ના રોજ મહિલાઓના સ્વાસ્થ્ય વિષયક બ્રેસ્ટ એન્ડ સર્વાઇકલ કેન્સર ચેકઅપ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. કાર્યક્રમના ઉદ્દઘાટન સમારોહમાં કુલગુરુ પ્રો. (ડૉ.)અમી ઉપાધ્યાયજી, “ગાર્ગી” મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સંયોજક પ્રો. (ડૉ.) પ્રિયાંકી વ્યાસ, રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલિટન, અમદાવાદના પ્રેસિડેન્ટ મધુકરભાઈ પરીખ, વાઈસ પ્રેસિડેન્ટ, પ્રોજેક્ટ કો-ઓર્ડિનેટર અનિલભાઈ પારેખ અને સૃષ્ટિ સંસ્થા, અમદાવાદના સેક્રેટરી ચેતનભાઈ પટેલ હાજર રહ્યા હતા. જેમાં રોટરી ક્લબ ઓફ કોસ્મોપોલિટન, અમદાવાદના પ્રેસિડેન્ટ મધુકરભાઈ પરીખે જણાવ્યું કે, વહેલી તકે તપાસ, યોગ્ય સારવાર અને જીવનશૈલીમાં સુધારાથી અનેક મહિલાઓ બ્રેસ્ટ એન્ડ સર્વાઇકલ કેન્સર જેવા ગંભીર રોગોથી બચી શકે છે.






માનનીય કુલગુરુશ્રીએ મહિલાઓને જાગૃત રહીને પૂર્ણ હેલ્થ ચેકઅપ નિયમિતપણે કરાવવા અને સ્વાસ્થ્યને પ્રાધાન્ય આપવા પર ભાર મુકતા કહ્યું કે, સ્ત્રી સ્વાસ્થ્ય જ આપણા સમાજની શક્તિ છે. તેમજ વધુમાં જણાવ્યું કે, બ્રેસ્ટ અને સર્વાઈકલ કેન્સર વિશે જાગૃતિ લાવવી આજના સમયમાં અતિ આવશ્યકતા છે.

હેલ્થ ચેકઅપ કાર્યક્રમમાં યુનિવર્સિટીના શૈક્ષણિક અને બિન-શૈક્ષણિક મહિલા કર્મચારીઓએ બ્રેસ્ટ કેન્સર તથા  સર્વાઇકલ કેન્સર ચેકઅપ કરાવ્યું. આ કાર્યક્રમમાં રજીસ્ટ્રેશનની કામગીરી સાહિસ્તાબેન મલેક દ્વારા કરવામાં આવી. સંપૂર્ણ કાર્યક્રમનું સંચાલન “ગાર્ગી” મહિલા સર્વાંગીણ વિકાસ કેન્દ્રના સભ્ય સચિવ શ્રી. દિવ્યા દરજી, સહ-સંયોજક ડૉ. હિના રાવલ અને ડૉ. ભાગ્યશ્રી રાજપૂતે કર્યું હતું..












BAOU
Education
for All




Open University


Open University